# જિલ્લામાં ૬ થી ૨૦ જૂન દરમ્યાન ગ્રામસભાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૬ જૂનથી ૨૦ જૂન દરમ્યાન ચાલુ નાણાંકીય વર્ષની પ્રથમ ગ્રામસભાનું આયોજન કરવા માટે સરકારશ્રીની સૂચના આવી છે.

વર્ષમાં બે વાર ગ્રામસભાઓનું આયોજન કરવાની જોગવાઈ અંતર્ગત પ્રથમ ગ્રામસભા ૬ જૂનથી ૨૦ જૂન દરમ્યાન કરવા જણાવવામાં આવ્યુ છે. આ ગ્રામસભાઓના આયોજન કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

ગ્રામસભા અભિયાન માટે નોડલ ઓફિસરોની નિયુક્તી કરવામાં આવશે. ગ્રામસભામાં અન્ન સુરક્ષા કાયદાની સમજ આપવા ઉપરાંત ગામમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલા વિકાસના કામો અને તેના ખર્ચની વિગતો રજુ કરી બહાલી મેળવવાની રહેશે. આ ગ્રામસભામાં આગામી વર્ષના આયોજનની વિગતો પણ રજુ કરવાની રહેશે.

ગ્રામસભામાં વર્ગ-૨ના અધિકારીએ હાજરી આપવાની રહેશે. જિલ્લામાં થયેલ ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો અને તેના નિકાલ સહિતની વિગતો અંગેનો અહેવાલ ૩૦-૬ સુધીમાં રજુ કરવાનો રહેશે.

આંગણવાડી કેન્દ્રનું પોતાનું મકાન ન હોય અથવા જર્જરિત હોય તો તે આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામ અને જમીન અંગે ઠરાવ પણ કરવાનો રહેશે.

ગ્રામસભા દરમ્યાન જન આંદોલનના ભાગરૂપે બાળકો, સગર્ભા માતા, ધાત્રીમાતા અને કિશોરીઓના પોષણસ્તરની સમીક્ષા અને પોષણસ્તર ઊંચુ લાવવાની કાર્ય યોજના તૈયાર કરવાની રહેશે તેમજ તે અંગે ચર્ચા કરવાની રહેશે.

નલ સે જલ યોજના અંગેનો ઠરાવ પણ અલગથી કરવાનો રહેશે. ગ્રામસભામાં સામાજિક ઓડિટને લઈ પણ ચર્ચા-વિચારણા કરવાની રહેશે.

જિલ્લામાં ગ્રામસભાઓના આયોજનને લઈ તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. આ અંગેનુ આયોજન એકાદ દિવસમાં જ કરી દેવામાં આવશે. ગ્રામસભાનો સમય મોટા ભાગે સવારના ૧૧ અને બપોરના પાંચ વાગ્યાની આસપાસનો રાખવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.



પ્રિ-મોન્સુન એક્ટીવીટી શરૂ થઈ ચૂકી છે. પવનોની ગતિ વધવા માંડી છે. વારંવાર ફૂંકાતો પવન બેનરો અને બોર્ડ્સને નુકશાન પહોંચાડી રહ્યો છે. ક્યારેક ભારે પવન ફૂંકાતા જાહેરાતના બેનર્સ ઉખડીને પડી ગયેલા નજરે ચઢી રહ્યા છે.

## શનિવારે સે. ૨૪માં મનપા દ્વારા સેવાસેતુ યોજાશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૪થી જૂનના રોજ મનપા દ્વારા વોર્ડ નં. ૩માં સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ સે. ૨૪ ખાતે સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યુ છે.

સવારે નવ વાગે આ સેવાસેતુનો આરંભ થશે. જેમાં ૯ થી ૨ દરમ્યાન અરજદારો પાસેથી અરજીઓ મેળવવામાં આવશે. આ પછી બપોરે બે વાગ્યાથી પાંચ વાગ્યા સુધીમાં અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

૪૦ થી વધુ પ્રકારની સેવાઓ ખાસ કરીને વ્યક્તીગત સેવાઓનો લાભ આ સેવાસેતુમાં આપવામાં આવશે.

સેવાસેતુ કાર્યક્રમમાં રજુઆત અર્થેના પ્રશ્નો રજુ કરતી વખતે કોઈ અરજી ફી રહેશે નહિ. પરંતુ સંબંધિત રજુઆત માટે કાયદાથી કોઈ ફી નિયત થયેલ હશે તો તે લેવામાં આવશે.

## રેતી ભરીને જતા ભારે વાહનોના લીધે રસ્તાના અસ્તિત્વ અને માર્ગ સલામતી બન્ને માટે જોખમી

**વરસાદની સાથે માર્ગો પર સતત રેતી વેરતી ભારે ટ્રકોના લીધે માર્ગોની હાલત ઉબડ ખાબડ બનતી હોવાનો ઇજનેરોનો રોષ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં છેલ્લા ઘણાં સમયથી મુખ્યમાર્ગો ઉબડ ખાબડ બનતા જાય છે. જો કે ઘણાં રસ્તાઓનુ નિયત સમયગાળાના અંતે પણ રીસરફેસીંગ જરૂરી બન્યુ છે. જયારે ગત વરસાદી દિવસોના અંતે માર્ગોન દશા વધુ ખરાબ થઈ હતી પરંતુ વરસાદની સાથે જિલ્લાના વિવિધ માર્ગો પર દિવસ રાત દોડતી રેતી , કાંકર ઢોળતી હેવી ટ્રકસ પણ રસ્તાઓની ઉબડ ખાબડ સ્થિતિ માટે જવાબદાર બની હોવાનો સુર ઈજનેરી સુત્રોમાં ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં રેતી , સિમેન્ટ કે કપચી ભરીને જતી ટ્રકો માર્ગ સલામતી માટે જોખમી બનતી હોવાની અનેક ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જયારે ટ્રકોની આ જોખમી હરકતના લીધે ઘણીવાર જાનલેવા અકસ્માત સર્જાયા હોવાના પણ કિસ્સા છે. જિલ્લામાં વધતા રેતી ખનના કીસ્સા સાથે રેતી ભરીને જતી ખુલ્લી ટ્રકો પણ માર્ગ સલામતી તેમજ માર્ગો માટે જોખમી બની રહી છે. આમછતા રેતી ઉડાતી ટ્રકો લાંબા સમયથી બેરોકટોક માર્ગો પર દોડતી જોવા મળે છે. ગાંધીનગર ,માણસા તેમજ દહેગામ તાલુકામાંથી પસાર થતી સાબરમત્તી , મેશ્વો અને વાત્રક નદી વિસ્તારમાંથી રેતીનુ ખનન થાય છે. જયારે આ ઠેકાણેથી જિલ્લાની વિવિધ બાંધકામ સાઈટસ પર રેતી ભરેલી ટ્રકો દિવસ રાત દોડતી જોવા મળે છે. જયારે ટ્રકો ઉપરાંત ટ્રેકટરોમાં પણ રેતી ભરીને લઈ જવામાં આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે માર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

## ધો -૧૦ ના પરિણામ અંગે હજુ સુધી કોઈ જાહેરાત ન થતા વાલીઓમાં ચિંતા

**વાલીઓની શાળાઓમાં પુછતાછ : ધો -૧૦ નુ પરિણામ ક્યારે આવવાનુ છે : વાલીઓ રોજબરોજ ફોન કરીને શાળાના આચાર્યોને પુછતાછ કરે છે : જુનના પ્રથમ સપ્તાહની શરૂઆતના અંતે પણ બોર્ડ કક્ષાએથી પરિણાની તારીખ જાહેર કરાઇ ન હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવામાં આવેલી ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાના અંતે હવે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની રહી છે. થોડા સમય અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ જયારે અપેક્ષા કરતા બોર્ડ કક્ષાએથી વહેલુ પરિણામ જાહેર કરાતા વિદ્યાર્થીઓની પરિણામ લક્ષી ઈન્તેજારીનો અંત આવ્યો હતો જયારે આ તબક્કે શિક્ષણ મંત્રીએ ધો -૧૦નુ પરિણામ જુનમાં જાહેર કરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ પરંતુ હજુ સુધી શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ સંદર્ભે કોઈ જાહેરાત કરવામાં આવી નથી બીજીતરફ વિદ્યાર્થીઓ અને વાલીઓ સતત શિક્ષકો તેમજ શાળા કક્ષાએ પરિણામ સંદર્ભે પુછતાછ કરી રહ્યા છે. કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડની પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે આ વર્ષે પરીક્ષાના સમયમાં ફેરફાર કરાયો હતો જયારે પરીક્ષા પણ નિયત સમયગાળા કરતા એક સપ્તાહ મોટી થઈ હતી જયારે બીજીતરફ લાંબા સમયથી પરિણામની વાટે વિદ્યાર્થીઓની જાણે હવે ધીરજ ખુટી છે. એકબાજુ શહેરની વિવિધ શાળાઓમાં પણ આ મામલે સતત શિક્ષકો અને આચાર્યોને વાલીઓ પુછતાછ કરી રહ્યા છે. જયારે ધો -૧૦ ના અંતે શાળાઓમાં પ્રવેશ કાર્યવાહીનો પણ ધમધમાટ વિશેષ રહે છે. આવા સંજોગોમાં હવે કેટલીક શાળાઓમાં તો નવા શૈક્ષણિક સત્રનો પણ પ્રારંભ થવાનો છે. ત્યારે ધો -૧૦ નુ પરિણામ હજુ પણ જાહેર ન થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત શૈક્ષણિક આલમમાં પરિણામ લક્ષી ઉત્તેજના વધુ પ્રબળ બની છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હોવાનો અંદાજ છે. ત્યારે પરિણામની ઈન્તેજારી પણ વધુ પ્રબળ બની છે. એકબાજુ બોર્ડ કક્ષાએથી પણ પરિણામલક્ષી જાહેરાત અંગે કોઈ યોગ્ય ઉત્તર મળતો નથી ત્યારે શાળાના શિક્ષકો પણ પરિણામના અંતે હાથ ધરવાની થતી પ્રવેશ સહીતની અન્ય કાર્યવાહીને અનુલક્ષી તેમજ વેકેશનના આખરી તબક્કામાં પરિણામની જાહેરાત ક્યારે થશે તે મામલે સતત બોર્ડમાં પણ પુછતાછ કરી રહ્યા છે.

## શહેરમાં એક અને ગ્રામ્યમાં બે કોરોનાના કેસો નોંધાયા

**ચાર ધામની યાત્રા કરી પરત ફરેલ બે મહિલાનો રિપોર્ટ પોઝીટીવ, ઈન્ફોસીટીમાં ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ, સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ અને ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ધીમી ગતિએ વધી રહ્યા હોવાથી તંત્ર પણ હવે સતર્ક બન્યુ છે અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સાથે અધિકારીઓને પણ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્ફોસીટી વિસ્તારમાંથી આજે એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમનો સઘન સારવારની જરૂરિયાત જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ વૃદ્ધ ક્યાંય બહાર નહિ ગયા હોવા છતાં સંક્રમિત થયા છે. તંત્રએ ઈન્ફોસીટી વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૫ પર પહોંચી છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર કલોલ તાલુકાના રાંચરડા પ્રા.આ. કેન્દ્રની હકુમતમાં આવતા નાંદોલી ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. બે દિવસ પહેલા ઉત્તારાખંડની મુલાકાતેથી પરત ફરેલા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આજે મળેલા આ બે કેસ સાથે નાંદોલી ગામમાં કોરોનાના અત્યાર સુધીમાં ૩ કેસ થયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. આ બન્ને મહિલા ચાર ધામની યાત્રા કરી ૩૦ મે ના રોજ પરત

● અનુસંધાન પાન-૭ પર

## ઈસનપુર મોટા અને આદરજ મોટી ગામને સહકાર વિલેજ તરીકે વિકસાવાશે

**મોડેલ સહકાર વિલેજ પ્રોજેક્ટ નાબાર્ડ અને રાજ્ય સહકારી બેંકના સહયોગથી પ્રાયોગિક ધોરણે હાથ ધરાયો : રાજ્યના છ ગામોને મોડેલ સહકાર વિલેજ તરીકે વિકસીત કરાશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના બે ગામોને મોડેલ સહકાર ગ્રામ તરીકે વિકસીત કરવામાં આવશે.

નાબાર્ડ અને ગુજરાત રાજ્ય સહકારી બેંક સાથે મળી આ બે ગામ સાથે રાજ્યના ૬ ગામોને સહકાર ગ્રામ તરીકે વિકસીત કરશે.

કેન્દ્ર સરકારના સહકાર અને ગૃહમંત્રી અમીત શાહે એપ્રિલ માસમાં આ પ્રોજેક્ટ લોંચ કર્યો હતો જેમાં ગુજરાતના ૬ ગામોનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા અને આદરજ મોટી ગામને સહકાર ગ્રામ તરીકે વિકસાવવામાં આવશે.

રાજ્યના અન્ય ચાર ગામોમાં રેથલ, અદ્રોડા (અમદાવાદ) રાજકોટનું કોલીથડ અને દાહોદનું પીપેરો ગામનો આમાં સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે આ પસંદગી પામેલા ગામોમાં સહકારથી સમૃદ્ધિના માર્ગે વિકસીત કરવામાં આવશે. સંપૂર્ણ પ્રાયોગિક ધોરણે આ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે. આમાં સફળતા મળ્યા બાદ આગળ વધવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ ગામોમાં પ્રાયમરી એગ્રીકલ્ચર ક્રેડીટ સોસાયટીની રચના કરવામાં આવશે અને તેના સંકલનમાં રહી વિકાસ અંગેની કામગીરીનો રોડમેપ તૈયાર કરી આગળ વધવામાં આવશે.

આ માટેના મોનીટરીંગ માટે રાજ્યસ્તરની કમિટીની પણ રચના કરવામાં આવી છે. જેમાં નાબાર્ડના જનરલ મેનેજર ચેરમેન તરીકે રહેશે. આ ઉપરાંત સરકારના પશુપાલન, કૃષિ, બાગાયત, એમએસએમઈના નિયામકશ્રીઓ અને અન્ય અધિકારીઓ સભ્ય તરીકે રહેશે.

ગાંધીનગર જિલ્લામાં પસંદગી પામેલ બે ગામોમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચીફ એક્ઝી. ઓફિસર નોડલ તરીકે રહેશે.

ગઈકાલે ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે એડીસી બેંક દ્વારા એક બેઠક થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. ૩જી જૂનના રોજ આદરજ મોટી ખાતે આ અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. મોડેલ સહકારી વિલેજનો શુભ આશય ગામના તમામ ગ્રામજનોને સરકારની કલ્યાણકારી યોજનાઓનું જ્ઞાન તેમજ વધુમાં વધુ લાભ લોકો સુધી પહોંચે, ગામના ૧૦૦ ટકા ખેડૂતો પ્રાથમિક સેવા સહકારી મંડળીઓ પાસેથી ધિરાણ મેળવે તથા ગામનો વિકાસ સહિયારા પ્રયાસોથી કેવી રીતે થઈ શકે તે છે.

ગાંધીનગરમાં સાંસદ આદર્શ ગ્રામ યોજનાના સફળ અમલીકરણ બાદ હવે સહકાર ગ્રામની નવતર અભિયાન સાથે વિકાસની પહેલ કરવામાં આવી રહી છે. આને લઈ વિકાસ વેગીલો બનશે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં ૨૦૨૧-૨૨માં નવજાત બાળકોમાંથી ૪.૩૭ ટકા કુપોષિત

**સુપોષણ અભિયાનનાં બણગાં વચ્ચે કફોડી હાલત : ૮૬૬૭૨ બાળકોમાંથી અતિ કુપોષિત બાળકો ૭૫૧ અને ૭૭૧૭૮ સામાન્ય વજનવાળા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આઈ.સી.ડી.એમ. શાખાના આંકડા અનુસાર એપ્રિલ-૨૧ થી માર્ચ-૨૨ સુધીમાં કુલ ૮૬૬૭૨ બાળકોનો જન્મ થયો હતો. જેમાં ચોંકાવનારી બાબત છે કે કુલ બાળકોમાંથી ૪.૩૭ ટકા એટલે કે ૩૫૬૩ બાળકો કુપોષિત હતા જયારે ૯૪.૭૧ ટકા બાળકો સામાન્ય વજન ધરાવતા જેમાં ૭૭૧૭૮ બાળકોનો સમાવેશ થયો હતો. જ્યારે ૭૫૧ બાળકો એટલે કે ૦.૯૨ ટકા બાળકો અતિ કુપોષિત હતા. જોકે વર્ષ ૨૦૨૦-૨૧ની તુલનામાં ૦.૩૦ ટકા અપગ્રેડ થયેલા બાળકો નોંધાયા છે.

બજેટમાં સગર્ભા મહિલાઓ માટે રૂ. ૮૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માર્ચ મહિનામાં રજૂ કરવામાં આવેલા બજેટની અંદર સગર્ભા મહિલાઓને ૧ કિલો તેલ, ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ, ૧૦૦૦ દિવસ સુધી આપવાની સગવડ છે.

કુપોષિત બાળકો માટે બાળ સંભારણ ગૃહની વ્યવસ્થા હોય છે. દવાખાના તેમજ પીએચસી અને સીએચસીની અંદર જ કુપોષિત બાળકોને સારવાર મળી રહે એ માટેની વ્યવસ્થા કરાય છે. સરકાર બાળ સખા યોજના અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર



### ગાંધીનગર કોર્પોરેશનનો ૧૭મો નંબર

સામાન્ય વજનવાળા બાળકો જન્મ્યા હોય તેવાં ટોચના જિલ્લાઓમાં ગાંધીનગર કોર્પોરેશનનો છેક ૧૭મો નંબર આવ્યો છે. આ પૈકી અમદાવાદ કોર્પોરેશન પ્રથમ નંબરે છે જેમાં ૨૯૪ બાળકો સામાન્ય વજનવાળા જન્મ્યા છે. અમદાવાદ કોર્પોરેશન ઉપરાંત બનાસકાંઠા, કચ્છ, સુરત, વડોદરા, સુરેન્દ્રનગર, પંચમહાલ, રાજકોટ, ગીર સોમનાથ, દાહોદ, જૂનાગઢ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, બોટાદ જિલ્લાઓમાં સામાન્ય વજનવાળાં બાળકોની સંખ્યા ગાંધીનગર કોર્પોરેશન કરતા વધારે નોંધાયા છે.

### ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં જન્મેલા બાળકોની માહિતી (માર્ચ-૨૧ સુધી)

| વજન | બાળકોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| સામાન્ય | ૭૪૬૪૭ | ૯૩.૫૨ ટકા |
| કુપોષિત | ૪૧૯૭ | ૫.૨૬ ટકા |
| અતિકુપોષિત | ૯૭૫ | ૧.૨૨ ટકા |
| કુલ | ૭૯,૮૧૯ | ૧૦૦ ટકા |

### ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨માં જન્મેલા બાળકોની માહિતી (માર્ચ-૨૨ સુધી)

| વજન | બાળકોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| સામાન્ય | ૭૭૧૭૮ | ૯૪.૭૧ ટકા |
| કુપોષિત | ૩૫૬૩ | ૪.૩૭ ટકા |
| અતિ કુપોષિત | ૭૫૧ | ૦.૯૨ ટકા |
| કુલ | ૮૧૪૯૨ | ૧૦૦ ટકા |

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

## ડે. મેયર ગોલે મનપાની કચેરીમાં ઓચિંતી હાજરીની ચકાસણી કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ દ્વારા આજે મનપાની વિવિધ શાખાઓમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.

કર્મચારીઓની ગેરહાજરી અને લોકોને થઈ રહેલી પરેશાની અંગેની મળેલી ફરિયાદોને પગલે આજે તેમણે મનપાની કચેરીઓની વિવિધ શાખાઓ તેમજ મનપાની વિવિધ કચેરીઓની મુલાકાત લીધી હતી.

જે કર્મચારીઓ હાજર નહોતા જણાયા તેમને આજે પહેલીવાર આ તપાસ હોવાથી કડક તાકીદ કરાઈ હતી તેમજ પ્રજાભિમુખ અભિગમ સાથે મનપાની કચેરીએ આવતા મુલાકાતીઓને તકલીફ ન પડે તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ છે કે હવે દર મહિને તેઓ તેમજ મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન પણ ઓચિંતી તપાસ કરશે અને ગુટલીબાજો પર પગલાં લેવામાં આવશે તેવી સ્પષ્ટ ચીમકી આપી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com